**એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ**
(અગાઉ એલ&ટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
**નોંધણીકૃત કાર્યાલયઃ** એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ, વૃંદાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કાલીના, સીએસટી રોડ, મર્સિડીઝ શોરૂમની નજીક, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ–400 098.
**CIN No.:** L67120MH2008PLC181833
**શાખા કાર્યાલયઃ** સુરત

L&T Finance

## જાહેર સૂચના – મિલકતની હરાજી કમ વેચાણ

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (54/2002) અને કથિત ધારા હેઠળ આપવામાં આવેલી સત્તાની અજમાયશ કરતાં નિમ્નલિખિત મિલકતો તેનાં લેણાં અને તેની પરનું વ્યાજ, શુલ્ક અને ખર્ચ વગેરે વસૂલ કરવા માટે **"જાહેર ઈ–હરાજી"** થકી **"જેમ છે જ્યાં છે ધોરણે"** અને **"જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે ઈ–હરાજી કરવા માગે છે.

| ઋણદાર અને સહ–ઋણદારનું નામ | સંરક્ષિત મિલકતનું સરનામું | લોન અકાઉન્ટ નંબર(રો) | લીધેલો કબજો | બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધ (₹માં) | 20.01.2025ના રોજ કુલ બાકી લેણા | અનામત કિંમત (₹માં) | નિરીક્ષણની તારીખ | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. ચિરાગ શાહ<br>2. સોનલબેન શાહ<br>3. શીતલ શાહ | સંપત્તિના ટુકડાં અને ખંડ બધાંનું સરનામુંઃ વડોદરાના મોજે કપુરાઈમાં આવેલો બિન–ખેતીની જમીનનો ટુકડો અને પ્લોટ ખાતા નં. 440, જૂનો આર. એસ. નં. 642, 643/1, 644, 654, 655, બ્લોક નં. 400/2/એ ધરાવે છે, જેનું માપ 25192 ચો. મી. થવા જાય છે, જૂનો આર. એસ. નં. 642, જેનું માપ 4148 ચો. મી. થવા જાય છે, જેનું કુલ માપ 4549 ચો. મી. છે, જે 'શિવ સ્પંદન હાઈટ્સ' તરીકે ઓળખાતા પૈકી ટાવર–એફ, ફ્લેટ નં. 404, જેનું માપ 59.12 ચો. મી., એટલે કે 636 ચો. ફૂટ બિલ્ટ અપ એરીયા થવા જાય છે, જે રજિસ્ટ્રેશન જિલ્લા અને પેટા–જિલ્લા વડોદરા, ગુજરાત ખાતે આવેલ છે.<br>સીમાઓ: પૂર્વે – માર્જિંગ; પશ્ચિમે – પેસેજ, લિફ્ટ, ઓ.ટી.એસ અને ફ્લેટ નં. એફ–401; ઉત્તરે – ફ્લેટ નં. એફ–403; દક્ષિણે – કોમન પ્લોટ પછી માર્જિન | H0252028 06211120 29 / H0252028 06211120 29L | 27/10/2024 | રૂ. 1,80,000/- | રૂ. 34,11,432.41/- | રૂ. 18,00,000/- | અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને તમામ કાર્યકારી દિવસોએ સવારે 10 વાગ્યાથી સાંજે 5.30 વાગ્યા સુધી | 11.02.2025 બપોરે 12.00 વાગ્યાથી 2.00 વાગ્યા સુધી |

### જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઈડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઈઓ હેઠળ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net/EPROC/ થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **"જેમ છે જ્યાં છે ધોરણે"** અને **"જેમ છે જે સ્થિતિમાં છે"** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજી ભાગ લેવા માટે ઈચ્છુક ખરીદદાર/બિડરોએ **10/01/2025** ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએફ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર/બિડરે તેની/તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી./પી.ઓ.ના રૂપમાં "એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ"ને નામે મુંબઈ ખાતે **11/01/2025** ના રોજ 18:00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **12/01/2025** ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75% ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ કે વધુ માહિતી માટે હરાજીમાં સંભવિત બોલી લગાવનારાઓ અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે, જેમનું **નામ છે - દિલીપ મિશ્રા, સંપર્ક નં. 7575021496 અને સંતોષ તિવારી, સંપર્ક નં. 9920490126, એલ&ટી ફાઈનાન્સ લિ., ઑફિસઃ છઠ્ઠો માળ, બ્રિન્દાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કલિના, સીએસટી રોડ, મર્સીડીઝ શોરૂમની પાસે, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ - 400 098.** ઈ–હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યાં વગર અને અગાઉથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર બોલી/ઑફરને સ્વીકારી/નકારી/સુધારો–વધારો/રદ કરી શકે છે અથવા તો તેને પાછી ઠેલી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8 (6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

**તારીખઃ** 21.01.2025
**સ્થળઃ** સુરત

સહી/–
**અધિકૃત અધિકારી**
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી


GNLU કાનૂની સેવા સમિતિએ સિલ્વાસામાં

# શ્રી વિનોબા ભાવે કોલેજ ઓફ નર્સિંગના BSc અને MSc વિદ્યાર્થીઓ માટે POSH તાલીમનું આયોજન





**જનાદેશ પ્રતિનિધિ, સેલવાસ :** ૧૮ જાન્યુઆરીના રોજ, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી સિલ્વાસાની કાનૂની સેવા સમિતિએ સિલ્વાસામાં શ્રી વિનોબા ભાવે કોલેજ ઓફ નર્સિંગના ૨૦૦ BSc અને MSc વિદ્યાર્થીઓ માટે POSH તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું. કાયદાના સહાયક પ્રોફેસર શ્રીમતી નંદિતા ગુગનાનીએ વિદ્યાર્થીઓને કાર્યસ્થળ પર મહિલાઓના જાતીય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, ૨૦૧૩ ની જોગવાઈઓ સમજાવી, જે કાયદો POSH કાયદા તરીકે જાણીતો છે. *જાતીય સતામણી શું છે* : તેમણે સમજાવ્યું કે શારીરિક સંપર્ક અથવા આગળ વધવું; જાતીય તરફેણ માટે માંગ અથવા વિનંતી; જાતીય રંગીન ટિપ્પણીઓ કરવી; પોર્નોગ્રાફી બતાવવી; જાતીય મજાક અથવા વાર્તાઓ કહેવી; જાતીય કલ્પનાઓ વિશે પૂછવું, જાતીય સ્વભાવના જૂઠાણા ફેલાવવા અને જાતીય સ્વભાવના કોઈપણ અન્ય અનિચ્છનીય શારીરિક, મૌખિક અથવા બિન-મૌખિક વર્તન જાતીય સતામણી સમાન છે. *જાતીય સતામણી માટે સજાની જોગવાઈ* : જો આંતરિક સમિતિ ફરિયાદને સાચી માને છે, તો પજવણી કરનાર સામે શિસ્તભંગના પગલાંમાં લેખિત શિસ્તભંગ ચેતવણીઓ, નીચલી પાયરીએ ડિમોશન, સસ્પેન્શન અથવા તો નોકરીમાંથી કાઢી મૂકવાનો સમાવેશ થઈ શકે છે. *આંતરિક સમિતિ* : અધિનિયમ એવો આદેશ આપે છે કે દસ કે તેથી વધુ મહિલા કર્મચારીઓ ધરાવતી કોઈપણ કાર્યસ્થળ (હોલ્પિટલો, શાળાઓ, કોલેજો, ફેક્ટરીઓ, સરકારી કચેરીઓ, વગેરે) માટે આંતરિક સમિતિ (IC) હોવી જોઈએ. દસથી ઓછા સભ્યો (ઉદાહરણ તરીકે, ઘરેલું સહાયક) ધરાવતી સંસ્થામાં કામ કરતી મહિલાઓ માટે, દરેક જિલ્લામાં એક સ્થાનિક સમિતિ છે જ્યાં મહિલા પોતાની ફરિયાદ નોંધાવી શકે છે. *આંતરિક સમિતિની રચના* : અધિનિયમ એવો આદેશ આપે છે કે, (a) IC ના અધ્યક્ષ મહિલા હોવા જોઈએ, (?) ૫૦% ?? સભ્યો મહિલા હોવા જોઈએ, (?) સમિતિમાં સંસ્થાની બહારનો એક બાહ્ય સભ્ય હોવો જોઈએ, અને (d) બધા IC સભ્યોની વિગતો બિલ્ડિંગ કોમ્પ્લેક્સમાં ધ્યાનપાત્ર જગ્યાએ નોટિસ બોર્ડ પર મૂકવી જોઈએ. તાલીમ કાર્યક્રમ પ્રશ્ન-જવાબ સત્ર સાથે સમાપ્ત થયો.

ટોચના ધનિક ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ જણાવ્યું

# સખત મહેનત કરનાર કોઈ પણ સપનાં સાકાર કરી શકે છે

**અમદાવાદ, તા. ૨૦**

સખત મહેનત કરનાર કોઈપણ વ્યક્તિ સપનાં સાકાર કરી શકે છે કેમ કે સ્વપ્ન જોવાં એ માત્ર ધનિકોનો વિશેષાધિકાર નથી તેમ ગૌતમ અદાણીએ આજે અહીં જણાવ્યું હતું. દેશ અને દુનિયાના ટોચના ધનિક ઉદ્યોગપતિ ગૌતમ અદાણી આજે સોમવારે અદાણી ઈન્ટરનેશલ સ્કૂલમાં વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકો સહિત અન્ય અગ્રણીઓને સંબોધન કરી રહ્યા હતા. આ સંબોધનમાં તેમણે સફળતા મેળવવા માટે સ્વપ્નની તાકાત, સખત મહેનત તથા મક્કમ મનોબળના મહત્ત્વ ઉપર ભાર મૂક્યો હતો. અહેવાલ અનુસાર, પોતાના પ્રારંભિક દિવસોને યાદ કરતા તેમણે એ વાતનો સ્વીકાર કર્યો હતો કે, એ સમયે તેમની પાસે કોઈ નક્કર આયોજન, નાણાકીય સ્રોતો કે પછી વગદાર સંપર્કો નહોતા, પરંતુ જે કંઈ હતું તે- જીવનમાં કંઈક અર્થપૂર્ણ કરવા માટેનું સ્વપ્ન હતું. "હું રોજેરોજ આ સ્વપ્ન જોતો. અને હવે જ્યારે મારા ભૂતકાળ પર નજર કરું છું ત્યારે હું કહી શકું છું કે સ્વપ્નો ઉપર ધનિકોનો ઈજારો નથી, સ્વપ્ન જોવાં એ ધનિકોનો વિશેષાધિકાર નથી. એવા તમામ લોકો સ્વપ્ન સાકાર કરી શકે છે જેમને પોતાનામાં આત્મવિશ્વાસ હોય અને સખત મહેનત કરવા તૈયાર હોય" તેમ અદાણી જૂથના ચેરમેને કહ્યું હતું.

તેમની કંપની ભારતની સૌથી ઝડપી પ્રગતિ કરતી કંપની છે એ વાતનો ઉલ્લેખ કરીને ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, તેમની કંપનીનું ધ્યેય માત્ર બિઝનેસ કરવા કરતાં કંઈક વિશેષ છે. "અમે જે કોઈ નિર્ણય લઈએ છીએ, જે કોઈ જોખમ ઉઠાવીએ છીએ તેની પાછળ એક ધ્યેય હોય છે, કે અમે એવું શું સર્જન કરીએ જે વધુ શ્રેષ્ઠ રીતે સેવા કરી શકે? અમે અમારાં સ્વપ્નને પાંખો આપવાની હિંમત, વધુ ઊંચે ઉડવાની તૈયારી તથા અન્ય કોઈપણ કરતાં વધુ ઝડપે આગળ વધવાની તૈયારી રાખીએ છીએ" તેમ તેમણે જણાવ્યું હતું.

દેશ અને દુનિયાના ટોચના ઉદ્યોગપતિમાં સ્થાન પામનાર અદાણીએ વિદ્યાર્થીઓને મોટાં સ્વપ્ન જોવાની હિંમત રાખવા તથા પડકારોનો સામનો કરવાની મક્કમતા રાખવા વિનંતી કરી હતી. નિષ્ફળતાની અનિવાર્યતા અંગે વાત કરતા તેમણે કહ્યું કે, નિષ્ફળતા તો મળશે તથા પીછેહઠ તમારી પરીક્ષા કરશે પરંતુ એટલું યાદ રાખજો કે, નિષ્ફળતા એ સફળતાની વિરોધી બાબત નથી, એ તો સફળતાનો સૌથી અગત્યનો સાથીદાર છે. સામાન્ય અને અસામાન્ય સફળતા વચ્ચે માત્ર મક્કમ મનોબળ તથા પ્રત્યેક પછડાટ પછી ઊભા થવાની હિંમતનો તફાવત છે.

ગૌતમ અદાણીએ વાલીઓને પણ જણાવ્યું કે તેમણે તેમનાં બાળકોનાં મજબૂત મૂલ્યો સ્થાપિત કરવા જોઈએ. તમારાં બાળકો માત્ર તમારી સંપત્તિ નહીં પણ તમારાં મૂલ્યો પણ ગ્રહણ કરતાં હોય છે. તેમને મક્કમતા, ધૈર્ય, કરુણા તથા બીજા લોકોની સેવા કરવાના ગુણ આપો.

# વિશ્વવિદ્યાલયના કેમેસ્ટ્રી વિભાગના પીએચ.ડી. વિદ્યાર્થી શ્રી પ્રતિક પટેલએ નેશનલ અને ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં અદભુત સિદ્ધિ પ્રાપ્ત કરી



**જનાદેશ પ્રતિનિધિ, સુરત :** વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કેમેસ્ટ્રી વિભાગના ડો. પરેશ પટેલના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરતા વિદ્યાર્થીશ્રી પ્રતિક પટેલ તારીખ ૧૯ થી ૨૧ ડીસેમ્બર, ૨૦૨૪ દરમિયાન જયપુર, રાજસ્થાન ખાતે Indian Chemical Society દ્વારા આયોજિત ૬૧ મો ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં માં ભાગ લીધેલ હતો. આ કોન્ફરન્સમાં શ્રેષ્ઠ રીસર્ચ પેપર રજુ કરેલ હતું. જેમાં વિદ્યાર્થીને પ્રથમ ક્રમાંક બદલ Research Excellence Award થી સન્માનિત કરવામાં આવ્યા હતા. એટલું જ નહિ તેઓને ૨૬ થી ૨૮ ડીસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ઈન્ડિયન કાઉન્સિલ ઓફ કેમેસ્ટ્રી દ્વારા પુને, મહારાષ્ટ્ર ખાતે યોજાયેલ ૪૩મો નેશનલ કોન્ફરન્સમાં પણ ભાગ લીધેલ હતો. આ કોન્ફરન્સમાં શ્રેષ્ઠ રીસર્ચ પેપર રજુ કરેલ હતું. જેમાં વિદ્યાર્થીને પ્રથમ ક્રમાંક બદલ Young Scientist Award થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓએ આ અદ?ભુત સિદ્ધિથી પોતાના વિભાગનું અને સમગ્ર વિશ્વવિદ્યાલયનું નામ રોશન કર્યું છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડો. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ , કુલસચિવશ્રી ડો. આર.સી. ગઢવી, તેઓના પીએચ.ડી. માર્ગદર્શક ડો. પરેશ પટેલ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર તેઓને ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવે છે.

ગુજરાતની વિમેન્સ ટીમનો ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ

# ફેનાઝ, ક્રિત્વિકા અને ઓઇશિકીએ ઓડિશાની ટીમને ૩-૦થી હરાવી



**જનાદેશ પ્રતિનિધિ, સુરત :** યુટીટી ૮૬મી સિનિયર નેશનલ ઈન્ટર સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ ૨૦૨૪માં સોમવારે અહીંના પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડિયમ ખાતે સ્થાનિક ખેલાડી ફ્રેનાઝ ચિપીયાએ ધીમા પ્રારંભ બાદ શાનદાર પ્રદર્શન કરીને નેહા કુમારીને ૩-૨થી હરાવવાની સાથે ગુજરાત વિમેન્સ ટીમે ઓડિશાનો ૩-૦થી ક્લીન સ્વિપ કર્યો અને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. ૨૦ લાખ રૂપિયાની ઈનામી રકમ ધરાવતી ચેમ્પિયનશિપ ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશન (જીએસટીટીએ) અને ટેબલ ટેનિસ એસોસિયેશન ઓફ સુરત (ટીટીએએસડી)ના સંયુક્ત ઉપક્રમે તથા ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ટીટીએફઆઇ)ના નેજા હેઠળ થઈ રહ્યું છે. જેને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એસએઆઈ) અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (એસએજી) તથા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (એસએમસી)નો સહકાર સાંપડેલો છે. આ ઈવેન્ટના ટાઈટલ સ્પોન્સર અલ્ટિમેટ ટેબલ ટેનિસ (યુટીટી) છે અને હીરો તેના સ્પોન્સર છે અને કો-સ્પોન્સર એનજે ગ્રૂપ છે તો એસોસિયેટ્સ સ્પોન્સરમાં ગુજરાત ટુરિઝમ, ઓએનજીસી, પ્રતિભા ગ્રૂપ અને એરપર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સામેલ છે, સ્ટિગા ઈક્વિપમેન્ટ સ્પોન્સર રહેશે જ્યારે ???? હોસ્પિટલ મેડીકલ પાર્ટનર રહેશે. પ્રારંભિક મેચમાં ફ્રેનાઝના ભવ્ય વિજય બાદ અનુભવી ખેલાડી ક્રિત્વિકા સિંહા રોયે ગુજરાતની બીજી મેચમાં તેનો જાદૂ દાખવ્યો હતો અને ટીમને ૨-૦ની સરસાઇ અપાવી હતી. ઉભરતી અને પ્રતિભાશાળી ખેલાડી ઓઈશિકી જોઆરદારે ઓડિશાની મયૂરી ચેટરજીને ૩*૦થી હરાવી હતી. ગુજરાતની ટીમ હવે સેમિફાઈનલમાં પ્રવેશ માટે તામિલનાડુની મજબૂત ટીમ સામે ટકરાશે જેણએ સોમવારની અન્ય એક મેચમાં ચંદીગઢ સામે ૩-૦થી વિજય હાંસલ કર્યો હતો. સુરતની ૨૮ વર્ષીય ખેલાડીએ જણાવ્યું હતું કે ?બીજી ગેમ દરમિયાન હરીફની રમત પારખવામાં મને થોડો સમય લાગ્યો હતો પરંતુ મેં તેનો ઉપાય શોધી લીધો હતો અને ધીમે ધીમે આત્મવિશ્વાસ કેળવી લીધો હતો અને રમત રોમાંચક બનાવી હતી.? દરમિયાન ગુજરાતની મેન્સ ટીમે ચિત્રાક્ષ ભટ્ટની આગેવાનીમાં ગ્રૂપ-સીમાં બીજો ક્રમ મેળવ્યો હતો. પ્રિ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશવાની સાથે તે હાલમાં દિલ્હી કરતાં બીજા ક્રમે છે. પ્રિ ક્વાર્ટર ફાઈનલમાં ગુજરાતનો મુકાબલો ટીટીએફઆઈ-૧ ટીમ સામે થશે.

**પરિણામો:**

ગુજરાત વિમેન્સ જીત્યા વિરુદ્ધ ઓડિશા ૩-૦

ફ્રેનાઝ ચિપીયા જીત્યા વિરુદ્ધ નેહા કુમારી ૩-૨ (૭-૧૧, ૯-૧૧, ૧૧-૨, ૧૧-૪, ૧૧-૬)

ક્રિત્વિકા સિંહા રોય જીત્યા વિરુદ્ધ શ્વેતપદ્મા દલાઇ ૩-૦ (૧૧-૪, ૧૧-૩, ૧૧-૫)

ઓઈશિકી જોઆરદાર જીત્યા વિરુદ્ધ મયૂરી ચેટરજી ૩-૦ (૧૧-૭, ૧૧-૧, ૧૧-૫).

# પાર્ટી પ્લોટમાંથી હેવી એલ.ઇ.ડી ફોકસ ચોરી કરતી ગેંગને શોધી કાઢતી સિંગણપોર-ડભોલી પો.સ્ટે.ના સર્વેલન્સ સ્ટાફની ટીમ

**જનાદેશ પ્રતિનિધિ, સુરત :** મે. પોલીસ કમિશ્નર સા.શ્રી સુરત શહેર તથા ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રીઝોન-ઉતથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી, 'એક' ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ સિંગણપોર-ડભોલી પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાય.બી.ગોહીલ સા.શ્રી નાઓએ મિલકત વિરૂધ્ધના ગુના અટકાવવા તેમજ અનડીટેક ગુના શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે સુચના અનુસંધાને સર્વેલન્સ સ્ટાફના પો.સબ.ઈન્સ.એ.જી. ચૌધરી તથા સર્વેલન્સ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હે.કો. હરપાલસિંહરતનસિંહ તથા પરાકમસિંહ સુખદેવસિંહ તથા અ.પો.કો.અમિતકુમાર બિરેંદ્રસિંહ તથા અ.પો.કો.અક્ષયભાઇ તુષારભાઇનાઓને પોતાના અંગત વિશ્વાસુ દ્વારા બાતમી હકીકત મળેલ કે ? સિંગણપોર વિસ્તારમાં આવેલ અલગ અલગ પાર્ટી પ્લોટ માંથી એલ.ઈ.ડી. ફોકસ ચોરી કરનાર મોટી વેડના રહેવાસી ક્રિશ ઉર્ફે ચક્કો અને રેહાન ઉર્ફે બાબો શેખ તે બંન્ને સ્પલેન્ડર મો.સા જેનો રજી.નં.૪૭૦૭ પર બેસીને અને તેની સાથેના બીજા બે ઈસમો નામે હિતેન રાઠોડ અને અનિકેત નાયકા તેઓ બંન્ને સ્પ્લેન્ડ મો.સા. જેનો રજી.નં.૩૪૫૪ પર ચોરી કરેલ એલ.ઈ.ડી. ફોકસ તેની મો.સા. પર લઈને વેચવા માટે જવાના હોય અને ચારેય ઈસમો થોડીવારમાં ડભોલી ગામ સર્જન વાટીકાની બાજુમાં આવેલ આંબાવાડી પાસેથી પસાર થવાના હોય * જે હકિકત આધારે પોલીસ માણસો દ્વારા કોર્ડન કરી નામ ઠામ પૂછતા (૧) ક્રિશ ઉર્ફે ચકુ જયેશભાઇ કંથારીયા ઉ.વ.૧૯ રહે. તુલસીભાઇની ચાલ ચાર બંગલા સરદાર ક્રીકેટ ગ્રાઉન્ડ સામે મોટી વેડ ગામ સુરત તથા (૨) રેહાન ઉર્ફે બાબો ફારૂકભાઇ શેખ ઉ.વ.૧૯ રહે. મોટીવેડ ગામ મોમનાવાડ સુરત તથા (૩) હિતેનભાઇ રાજુભાઇ રાઠોડ ઉ.વ.૨૨ રહે.મોટીવેડ ગામ સુરત તથા (૪) અનીકેત અશોકભાઇ નાયકા ઉ.વ.૨૧ રહે.નાયકાવાડા મોટીવેડ ગામ સુરત શહેર બાદ સદર ચારેય ઈસમોને તેમના કબ્જામાં રહેલ એલ.ઈ.ડી. ફોકસ બાબતે વારાફરતી યુકતિ પ્રયુકતિથી પુછપરછ કરતા અમો ચારેય જણાએ મળીને આશરે ત્રણેક દિવસ પહેલા રામકથા રોડ ઉપર રોયલ પાર્ક સોસાયટીની સામે આવેલ વૃંદાવન ફાર્મ માંથી મોડી રાત્રી દરમ્યાન ઉપરોકત સ્પ્લેન્ડર મો.સા.નો ઉપયોગ કરી કુલ્લે ૨૧ નંગ એલ.ઈ.ડી. બ્રેકસની ચોરી કરેલ હોવાની કબુલાત કરતા હોય તેમજ અન્ય ત્રણ મિત્રો (૫) સમીર શૈલેષભાઇ રાઠોડ (૬) જય પોનમભાઇ રાઠોડ (૭) મનીષ સોમાભાઇ દેવીપૂજક નાઓસાથે અગાઉ મહાદેવ ફાર્મ સિલ્વર ફોર્મ, રાજ પેલેસ ફાર્મ, સહજ ફાર્મમાંથી મોજ શોખ પુરા કરવા ચોરી કર્યા હોવાનું જણાવતા હોય જે એલ.ઈ.ડીફોકસ નંગ-૩૯ રાંદેર ખાતે ઈલેકટ્રીક રીપેરીંગ કરતા ઈસમને વેચાંણથી આપેલાનુ જણાવતા હોય જે રીકવર કરી આ બાબતે સિંગણપોર પો.સ્ટે.ખાતે ફરીયાદ થતા ચોરીમા ગયેલ મુદ્દામાલ સાથે સાત આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# દમણમાં ૭૬મું ગણતંત્ર દિવસ અને ૬મું વિલીન દિવસ ઊજવાશે

**જનાદેશ પ્રતિનિધિ, દમણઃ** દમણ જિલ્લામાં ૭૬મું ગણતંત્ર દિવસ અને ૬મું વિલીન દિવસ હર્ષોલ્લાસપૂર્વક ઉજવવા માટે તૈયારીઓ શરૂ થઇ ગઇ છે. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ લાઈટહાઉસ બીચ, મોટી દમણ ખાતે સવારે ૯:૦૦ વાગ્યાથી ધ્વજવંદન સમારોહ સાથે ઉજવણી યોજાશે. જિલ્લા પ્રશાસન તરફથી જાહેર જનતાને આ ?તિહાસિક પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સમગ્ર દમણવાસીઓને આ શુભ અવસરની ઉજવણીમાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.